**SA : II : 2019**

DATE : 4-2-19 | **STD : 9 :** | **TIME : 2 HOURS**

**SUB. : GUJARATI ANSWAR** | **MARKS : 50**

**પ્ર-1(અ) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** **(2)**

જવાબ-1. રામશંકરને શુભ વિચાર આવ્યો.

જવાબ-2. વાયા રમવા આવ્યા હતા.

**(બ) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ લખો.** **(4)**

જવાબ-1. કુતમ્માએ દાગીના ઘડલાની ના પાડી દીધી, કારણ કે તે ભણતરને જ સો ટચનું સોનું-ઘરેણું માનતાં હતાં. તે પોતાના વિસ્તારના છોકરાં ઘેર રહીને ભણી શકે તેવું કાંઈ કરવા ઈચ્છતા હતા.

જવાબ-2. ન્યૂયોર્કની હોટલના પિરસણિયાએ લેખક પાસે હસ્તાક્ષર માગ્યા. કારણ કે લેખક 'ગાંધી' ફિલ્મના હીરો બેન કિંગ્સલી જેવાં દેખાતા હતા. પિરસણિયો તેમની સેવા કરવા માગતો હતો.

અથવા

જવાબ-2. 'ધાબાવાળાં' પાકાં મકાનો થયાં, વૃક્ષો કપાયાં, ચબૂરા તૂટ્યા, ચણ નાખાનારા વૃદ્ધ વડીલો ગયા એટલે ફળિયાં પંખીઓથી હવે છલકાતાં નથી, એટલે ગામ હવે સૂનમૂન લાગે છે.

**(ક) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો.** **(4)**

જવાબ-1. ગાંધીજીએ સત્ય અને અહિંસાનો માર્ગ અમાનાવી દેશેના આઝાદ કર્યો. ગાંધીજી વિશ્વમાનવ હતા. તેમના આદર્શ વિચારો અને તે પ્રમાણેના આચારોને કારણે તે વિશ્વમાં લોકપ્રિય છે. એટ નંબરો દ્વારા તૈયાર થયેલી હિન્દી-અંગ્રેજી ફિલ્મ ભાગ્યે જ કોઈએ જોઈ નહીં હોય. તેમના વિચારોની કેવી અસર છે તે આ પાઠમાં લેખકને થયેલા અનુભવોના વર્ણનમાં પ્રદર્શિત થાય છે. લેખક અશ્વિન મહેતા 'ગાંધી' ફિલ્મના હીરો બેન કિંગ્સલી જેવા દેખાય છે. એટલે પરદેશમાં એ જ્યાં જાય છે ત્યાં એમનું સન્માન થાય છે. આ પ્રસંગોમાં જુદા જુદા દેશના લોકોનો ગાંધી પ્રેમ જોવા મળે છે.

અથવા

જવાબ-1. લંડનની મુલાકાત દરમિયાન લેખકને ગુજરાતી ભાષા અને સંસ્કૃતિના કેટલાક કડવા અનુભવો થયા. લેખક એક ગુજરાતી મિત્ર સાથે ગુજરાતીમાં વાત કરતા ત્યારે દીકરાએ પોતના બાપને કહ્યું ફાધરની સાથે શું કામ ગુજરાતીમાં બોલો છો ? એમને અંગ્રેજી આવડે છે.'' બીજા એક ઘરમાં મમ્મીએ ક્યાંક કાર્યક્રમમાં જવા સુંદર સાડી પહેરી. દીકરાએ મમ્મીને સાડી ન પહેરે તો ન ચાલે ? તું સાડી પહેરે એ મને બિલકુલ ગમતું નથી. જરા ડ્રેસ બદલી આવોને ત્રીજા એક ઘરમાં બહેનોનું મિલન હતું. એની શરૂઆત પ્રાર્થનાથી કરવાની હતી. લેખક અસત્યો માંહેથી પ્રાર્થના બોલવા કહ્યું પણ ઉપનિષદની એ વિશ્વવિખ્યાત પ્રર્થના કોઈને મોઢે ન હતી.

**પ્ર-2(અ) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** **(2)**

જવાબ-1 હસવું રમવું કવિને મીઠું લાગે છે.

જવાબ-2. શ્રીકૃષ્ણના વિદ્યાર્થીકાળના મિત્ર સુદામા હતા.

(બ) **નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ લખો.** **(4)**

જવાબ-1. દીકરીને ઘરનું અજવાળું કહેવામાં આવ્યું છે, કારણ કે દીકરીએ ઘરને હૂંફાળું રાખ્યું છે.

જવાબ-2. ભક્ત ભગવાનને ભોજનમાં લાપસી અને કઢિયેલાં દૂધ આપશે. તે મુખવાસમાં એચલી અને પાનનાં બીડાં આપશે.

અથવા

જવાબ-2. દીકરીના સાસરે જવાથી ઘર અને શેરીમાં ખાલીપો અનુભવાશે. રંગોળીમાં પહેલાં જેવી ભાત હવે પડશે નહીં. સૌની આંખો આંસુથી ભીંજાશે.

(ક) **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.** **(4)**

જવાબ-1. આનંદથી જીવન જીવવા માટે કવિ મારા-તારાનો ભેદ ભૂલી જવાનું કહે છે. સામી વ્યક્તિના આનંદમાં જ આપણો આનંદ સમાયેલો છે. રમકડું કોનું છે તે મહત્ત્વનું નથી. રમકડવં રમવાનો આનંદ મહત્ત્વનો છે. ગીત ગાવાનો ઝીલવાનો આનંદ મહત્ત્વનો છે. આપણે હસીએ-રમીએ અને આનંદ કરીએ.

અથવા

જવાબ-1. દીકરીની વિદાયના કારણે ઘરમાં અને શેરીમાં ખાલીપો ઊભો થયો છો; કારણે કે દીકરીએ એમના સ્નેહથી ઘર અને શેરીને હૂંફથી જોડવાનું કાર્ય કર્યું હતું. એના જવાથી સ્વજનો વ્યથિત છે. દીકરીનાં સંસ્મરણો તાજાં થાય છે. એમને એવું લાગે છે કે જાણે ગોખેથી દીવો ચાલી ગયો હવે આગંણામાં પહેલાં જેવી રંગોળીની ભાત પડશે નહીં. ઘરની મિરાંત ચાલી ગઈ છે, ઘરનું અજવાળું ચાલ્યું ગયું છે.

**પ્ર - 3 સૂચના મુજબ ફેરફાર કરો.** **(10)**

| | | | |
|---|---|---|---|
| (1) | સમાનાર્થી શબ્દ | : | શીશી = બોટલ |
| (2) | વિરોધી શબ્દ | : | ફળદ્રુપ × ઉજ્જળ |
| (3) | જોડણી સાચી કઈ | : | પત્ની |
| (4) | સ્ત્રીલિંગ શબ્દ કયો | : | ધોબણ |
| (5) | 'પરેગટવું'નો શિષ્ટ શબ્દ | : | લગ |
| (6) | સંધિ છૂટી પાડો | : | ચિંતા + આતુર |
| (7) | તળપદો શબ્દ કયો | : | શેખચલ્લી |
| (8) | શબ્દસમૂહ માટે એક | : | એક ના બે ન થવું |
| (9) | સમાસનો અર્થ | : | મોહ અને માયા - દ્વન્દ્વ સમાસ |
| (10) | અલંકાર | : | ઉપમા |

**પ્ર.4(અ) કાવ્ય વાંચન કરી પ્રશ્નના જવાબ આપો.** **(4)**

જવાબ-1. ગોપીને કૃષ્ણના કપટનો અનુભવ થયો છે. કૃષ્ણ કાળા છે. તેથી ગોપી એવું માને છે કે કાળા રંગની બધી વસ્તુઓમાં કપટ રહેલું હશે. તેથી ગોપી તેમનો ત્યાગ કરવાનો નિયમ લે છે.

જવાબ-2. ગોપી કસ્તૂરીની બિંદી, કાજળ, કોયલ અને કાગડાની વાણી, કાળી કામળી, જમનાનું નીર, નીલમ, મેઘ, જાંબુ એન રીંગણનો ત્યાગ કરે છે.

જવાબ-3. પોતે બધી કાળી વસ્તુઓનો ત્યાગ કરવાનો નિયમ નહીં પાળી શકે એમ ગોપીને લાગે છે,

કારણ કે ગોપીને કૃષ્ણ સાથે અનન્ય પ્રેમ છે.

જવાબ-4. માનાર્થી શબ્દો : જળ – નીર, કોયલ – કોકિલા

(બ) **નીચે આપેલ પંક્તિઓનો વિચાર-વિસ્તાર કરો.** **(4)**

જવાબ-1. મૂર્ખ મિત્ર કરતાં ડાહ્યો દુશ્મન સારો :

મૂર્ખ મિત્ર કરતાં સમજદાર દુશ્મન સારો ગણાય. આપણે મૂર્ખ મિત્રનો વિશ્વાસ રાખી શકીએ નહીં. તે ક્યારે ગાંડપણમાં આપણને નુકસાન કરી બેસે તે કહી ન શકાય. સમજદાર દુશ્મન ક્યારેય આપણને દગો ન દે. તે ક્યારેય આપણા પર પીઠ પાછળથી ઘા ન કરે. તે આપણને ચેતવે પછી જ ઘા કરવા તૈયાર થાય.

રાજાએ મૂર્ખ વાંદરાની મિત્રતા કરી બતી. મૂર્ખ વાંદરો રાજા રાજ્યે ઊંઘતા હતા ત્યારે તેમની ચોકી કરતો હતો. ઊંઘતા રાજાના શરીર પર માખી બેઠી. આ જોઈ મૂર્ખ વાંદરો આવેશમાં આવી ગયો. તેણે માખી પર તલવારનો ઘા કર્યો. માખી ઊડી ગઈ અને રાજાને તલવાર વાગતાં તેણે પ્રાણ ગુમાવ્યા.

આપણે મૂર્ખ વ્યક્તિની મિત્રતા ન કરી જોઈએ.

અથવા

જવાબ-1. ચડે પડે જીભ વડે જ માનવી.

પ્રસ્તુત પંક્તિમાં કવિએ માનવીની જીભ યાને વાણીનો પ્રભાવ બતાવ્યો છે.

પ્રભુએ આ સૃષ્ટિ પરની સમગ્ર જીવસૃષ્ટિમાં એકમાત્ર માનવીને જ 'બોલવા માટે (વાણી વ્યવહાર કરવા માટે) જીભ આપી છે. આમ તો પશુપંખી-જીવજંતુ સૌને જીભનું 'અંગ' તો પ્રભુએ આપ્યું જ છે. પરંતુ બોલવા માટે નહીં, ખાવા માટે. જ્યારે મનવીને તો પ્રભુએ ખાવા માટે અને બોલવા માટે. બંને કામ કરવા માટે. આશરે અઢી ઈંચ લાંબી જીભ આપીને કમાલ કરી છે ! કલ્પના કરી જુઓ કે, માત્ર ખાવા માટેની જીભ હોય પણ બોલી શક્તો ન હોય એવા મૂંગા-મૂંગા માણસની શી હાલત થતી હોય છે ?

પરંતુ આ જીભના યાને વાણીના લીધે જ માનવીની ચડતી થાય છે અને પડતી પણ થાય છે. માટે તો કહ્યું છે કે

''વાણી તો બાણને ફૂલ, કાં વીંધે કાં વધાવતી
નંદવે વ્રજહૈયાંને નંદાયાં ફરી સાંધતી''

(ક) **નીચે આપેલા વિષય પર પત્ર લેખન કરો.** **(4)**

જવાબ-1.

201, મધુરમ એપાર્ટમેન્ટ
સંત કબીર સ્કૂલ સામે,
નારણપુરા, અમદાવાદ-380013
તા. 25-11-2018

પરમ પૂજ્ય પિતાશ્રી,

સાદર પ્રણામ .....

સર્વ પ્રથમ તો આપ મને અમારી નવરંગ શાળા દ્વારા યોજાયેલ સૌરાષ્ટ્રના પ્રવાસમાં જોડાવાની સંમતિ આપી અને તે માટે રૂા. 500 મોકલ્યા તે બદલ આપનો હૃદયપૂર્વક આભાર માનું છું.

ચાર દિવસના સૌરાષ્ટ્રના આ પ્રવાસમાં મને ખરેખર ખૂબ આનંદ આવ્યો અને એટલું બધું જોવા જાણવાનું મળ્યું કે ન પૂછો વાત ! એમાંય તે દ્વારકા તથા સોમનાથના મંદિરો તથા ત્યાંનું ધાર્મિક પ્રકૃતિક વાતાવરણ જોઈને હું તો સાચે જ હર્ષવિભોર થઈ ગયો.

અમારી શાળાના શિક્ષકશ્રીઓએ અમને પ્રવાસના પ્રત્યેક સ્થળની માહિતી, જે તે સ્થળ પર એવી સરસ રીતે આપી કે અમારો સ્થળદર્શનનો આખો અભિગમ જ બદલાઈ ગયો !

લક્ઝરી બસ હતી અને ખાવાપીવાની બધી વ્યવસ્થા એવી સરસ હતી કે મને અને મારા મિત્રોને જરાપણ તકલીફ પડી નથી. હવે તો એમ થાય છે કે દર વર્ષે શાળા દ્વારા યોજાતા પ્રવાસમાં જો જવાનું મળે તો આનંદ સાથે જ્ઞાન અને ગમ્મતનો ખજાનો મળી જાય !

પૂજ્ય બાને મારા પ્રણામ. ભાઈ ચિંતનનો અભ્યાસ બરાબર ચાલતો હશે.

એજ. લિ. આપના અજ્ઞાંકિત પુત્ર
રવિના પ્રણામ

જવાબ-2. તમારા મિત્રને જન્મદિવસના અભિનંદન આપતો પત્રો લખો.

"Happy Birth Day !"
3/એ, રવિકુંજ સોસાયટી
નારણપુરા, અમદાવાદ - 380013
તા. 25-11-2018

પ્રિય મિત્ર હાર્દિક,

આ અભિનંદન પત્ર તથા 'ગિફ્ટ પેકેટ' તને આવતી કાલે સવારે મળી જાય તે રીતે ખાસ વ્યવસ્થા કરીને 'પૂનમ કુરિયર' મારફતે મોકલું છું. તું મારો આ પત્ર વાંચકો હોઈશ એ જ વખતે તને કદાચ મારો ફોન પણ મળશે. તેમ છતાં આ પત્ર દ્વાકા આજે જ એડવાન્સમાં 'હેપી બર્થ-ડે'ના અભિનંદ પાઠવી રહ્યો છું.

મિત્ર ! તું કેટલો નસીબદાર કહેવાય કે તારો જન્મદિન આખા ભારતદેશના વિદ્યાર્થીઓ 'બાળદિન' નિમિત્તે ઊજવી રહ્યા છે કેમ કે આપણા નહેરુચાચા પં. જવાહરલાલ નહેરુ પણ ચૌદમી નવેમ્બરે જ જન્મ્યા હતા ને ?

મિત્ર ! મારી તો બહુ યે ઇચ્છા હતી કે આ વખતે મારી વર્ષગાંઠ નિમિત્તે તને રૂબરૂ અભિનંદ પાઠવવા તારે ત્યાં ગાંધીનગર આવું ! પરંતુ શું કરું ? આવતીકાલે 'બાળદિન' નિમિત્તે અમારી 'નવરંગ' શાળામાં જે વક્તૃત્વ સ્પર્ધા યોજવાની છે તેમાં એક સ્પર્ધક તરીકે મારે ભાગ લેવાનો હોવાથી હું આવી શકું તેમ નથી તો ક્ષમા.

ખૂબ ધામધૂમથી તારો જન્મદિવસ ઊજવવે . તારા મિત્રો-દિનેશ અને ચિરાગને મારી ખાસ યાદ આપજે. તારા મમ્મી-પપ્પાને મારા પ્રણામ પાઠવજે અને નાની 'ઢીંગલી' કૃપાને મારા વતી ખૂબ ખૂબ વહાલ કરજે....

લિ.
તારા મિત્ર કશ્યપના
સ્નેહ સ્મરણ

(ક) **કોઈપણ એક વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો.** **(8)**

(1) મકરસંક્રાતિ :

લખાણ અનુસાર ગુણ મળશે.

(2) પરિશ્રમ એ જ પારસમણિ/શ્રમનું ગૌરવ

**વિદ્યાર્થીના લખાણ અનુસાર ગુણ આપવામાં આવશે.**

*****